ગાંધીનગર સમાચાર

હોળી નિમિત્તે રાજસ્થાની મીઠાઈ બજારમાં છલકાઈ

# ગાંધીનગરમાં 'શૂરગાથા ગુજરાતની' અનેરો કાર્યક્રમ યોજાયો

## શૂરગાથા ગુજરાત કાર્યક્રમને રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રસપૂર્વક નિહાળ્યો







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૮

રાજયના પાટનગર ગાંધીનગરની ઓળખ ગ્રીનસીટી સાથે સાથે સાંસ્કૃતિક નગરી તરીકે બની રહી છે. તા. ૧૭મી માર્ચના રોજ ગાંધીનગરના હાર્દસમા એવા ઘ-૫ ખાતે ઓપનએર થીએટર ખાતે સુરમધુર ટ્રસ્ટ દ્વારા શૂરગાથા ગુજરાતના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગુજરાતના શુરવીરોની શૌર્યગાથાને આ કાર્યક્રમમાં ખુબ રસપ્રદ રીતે પ્રદર્શિત કરવામાં આવી હતી. જેમાં સોમનાથની સખાતે ચડેલા વીરહમીરસિંહ, નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, હેમા પટેલ, જેસલતોરલ, ભૂચરમૌરી, ભવાઈના કલાકાર અસાઈત ઠાકર, મહારાણા પ્રતાપને ચેતક ઘોડો આપનાર ઝાલા દરબાર, રાનવઘણ, તાનારીરી, સરદાર પટેલ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી જેવા અનેક શુરવીરની શૌર્યગાથાના અંશોને અદભુત રીતે રજુ કરીને કલાકારોએ સર્વ નગરજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સમગ્ર કાર્યક્રમને રાજયપાલશ્રીએ મનભરીને માણ્યો હતો. કાર્યક્રમમા અંતે કલાકારોનું રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે સ્મૃતિ ચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સુરમધુર સંસ્થાના ટ્રસ્ટી ડૉ. વિજય ઉપાધ્યાયે સ્વાગત ઉદબોધન કર્યુ હતુ જયારે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મયંકભાઈ દવેએ કાર્યક્રમ સંદર્ભે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગરના મેયર શ્રીમતી હંસાબેન મોદી, જાણીતા સર્જક શ્રી દોલતભાઈ ભટ્ટ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચ, જાણીતા ઉદ્યોગપતિ અને કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલ, જાણિતા કલાકારો સર્વશ્રી જોરાવરસિંહ જાદવ, અભેસિંહ રાઠોડ, સલિલ મહેતા, ભીખુદાન ગઢવી, પ્રકાશ લાલા તથા અપ્સર સૈયદ સહિત મોટી સંખ્યામાં કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં 'શૂરગાથા ગુજરાત'ના લેખક અને વરિષ્ઠ સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટના જન્મદિનની ઉજવણી કરાઈ હતી.

## @ગાંધીનગર

● ખ-૭ સર્કલ નજીક સમર્પણ એજયુકેશન કેમ્પસનું ઉદઘાટન પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહના હસ્તે બપોરે ૩.૩૦ કલાકે કરાશે.

● શિવરંજની સંસ્થા દ્વારા શનિવારના રોજ રાત્રે૯.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે 'કરિશ્માએ નૌશાદ-મદનમોહન' નામે જૂના ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● સરગાસણ પ્રાથમિક શાળા દ્વારા સાંજે ૭.૦૦ કલાકે વાર્ષિકોત્સવ યોજાશે.

## આજે ટાઉનહોલ ખાતે આશા વર્કર બહેનોને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૧૮

આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ તથા આશા બહેનોને આરોગ્ય વિષયક કાર્યક્રમો અંગેની અદ્યતન જાણકારીથી સુમાહિતગાર કરવા તેમજ વર્ષ દરમિયાન આશા બહેનોએ કરેલ કામગીરીને બિરદાવવા માટે જિલ્લા કક્ષાએ તા. ૧૯મી માર્ચના રોજ આશા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે શનિવારના રોજ સવારે ૧૦.૧૫થી ૧.૦૦ કલાક દરમિયાન આશા સંમેલન યોજાશે. જેમાં આશા બહેનોએ કરેલી કામગીરીને બિરદાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી વાઘાજી ઠાકોર, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા કાળુસિંહ રાઠોડ, ગાંધીનગરના કલેકટર રવિશંકર, ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી કૌશિક ભીમજીયાણી ધારાસભ્ય અશોકભાઈ પટેલ, દહેગામના ધારાસભ્ય કામીનીબા રાઠોડ, માણસા ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, કલોલ ધારાસભ્ય બળદેવજી રાઠોડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# અકસ્માત ગ્રસ્ત નવી નક્કોર આઈ-૧૦ ગાડીમાંથી દારૂ મળ્યો

## ગીયોડ પાટીયા પાસે આઈ-૧૦ ગાડી ટકરાઈ હતી ૧૨ બોટલ દારૂ મળ્યો : દારૂ અને કાર જપ્ત

ગાંધીનગર, તા.૧૮

હિંમતનગર-ચિલોડા હાઈવે પર ગીયોડ પાટીયા પાસે ગઈ રાત્રે આગળ જતા અજાણ્યા વાહન સાથે આઈ-૧૦ ગાડી ટકરાઈ ગઈ હતી. નવી નક્કોર નંબર પ્લેટ વગરની આ ગાડી ત્યાં જ મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ કરતાં અકસમાત ગ્રસ્ત ગાડીમાંથી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ચિલોડા પોલીસે ગુનો નોંધી કાર અને દારૂ જપ્ત કરી કાર માલિક સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ચિલોડા પોલીસને રાત્રે બે વાગ્યે મેસેજ મળ્યા કે એક નંબર પ્લેટ વગરની નવી નક્કોર ગાડી હિંમતનગર-ચલોડા હાઈવે પર સ્થિત ગિયોડ પાટીયા પાસે ટકરાઈ છે. ચિલોડા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને તપાસ કરી તો નવી આઈ-૧૦ ગાડીમાં ૧૨ નંગ વિદેશી દારૂની નાની બોટલો પડી હતી. પોલીસે રૂ. ૧૨૦૦ની કિંમતનો દારૂ તથા આઈ-૧૦ ગાડી કબ્જે લઈ ગુનો દાખલ કર્યો છે. અકસ્માત બાદ કાર માલિક ફરાર થઈ ગયો હતો. પોલીસે કારના એન્જીન નંબર અને ચેસીઝ નંબર ઉપરાંત ટીસી નંબરને આધારે કાર માલિક સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. જો કે આજે મોડી સાંજ સુધી કાર માલિક સુધી ચિલોડા પોલીસ પહોંચી શકી ન હતી. ઘટનાની તપાસ જમાદાર હિરાજી કરી રહ્યા છે.

# નર્સિંગ કોલેજમાં રાજયકક્ષાનો સેમિનાર યોજાયો

## એવિડન્સ બેઝડ પ્રેકટીશ આધારિત નર્સિંગ સેવાઓ અંગે સેમિનાર યોજાયો : દક્ષિણ આફ્રિકાના કૌર્ડલિયા લીઝગેન્ડા તથા ઓકસફોર્ડના જોબી જયોર્જ ઉપસ્થિત રહ્યા





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે આજે રાજયકક્ષાનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં દક્ષિણ આફ્રિકાના ગ્લોબલ રિસર્ચ નર્સિંગ્સ નેટવર્કના પ્રોજેકટ કો. ઓર્ડિનેટર કોર્ડેલિયા લીઝગેન્ગ, ઓકસફોર્ડના ગ્લોબલ હેલ્થ ટ્રાયલ્સના નર્સ સંશોધક તથા રિજીયોનલ ફેકલ્ટી જોબી જયોર્જ તથા ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર જશુબેન પાટીદાર ઉપસ્થિત રહ્યા હતા.

રાજયકક્ષાનો આ સેમિનાર 'ચેલેન્જિંગ રૉલ ઓફ નર્સીસ થ્રુ એવિડન્સ બેઝડ પ્રેકટીશ' વિષય આધારિત યોજવામાં આવ્યો હતો. સેમિનારના ઉદઘાટન સમારંભમાં નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર જશુબેન પાટીદારે વિદ્યાર્થીઓને દર્દીની કાળજીના સિધ્ધાંતો અંગે વિગવતાર માહિતી આપી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કેએસવીના ડાયરેકટર ડી.ટી. કાપડિયા, સે-૨૩ કડી સંકુલના કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ તથા નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના પહેલા સેશનમાં કોર્ડેલિયાલીઝગેન્ગે ગ્લોબલ હેલ્થ નેટવર્ક અને તેની પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જોબી જયોર્જે નર્સિંગ નેટવર્ક ક્ષેત્રે ચાલી રહેલા ગ્લોબલ રિસર્ચ અંગે પ્રકાશ પાડયો હતો.

સેમિનારના દ્વિતિય સેશનમાં નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રવિના ક્રિશ્ચિયને એવિડન્સ પ્રેકટીસની પ્રોસેસ તથા તેના સ્ટેપ્સ અંગે જાણકારી આપી હતી તો વાઈસ પ્રિન્સિપાલ ફાલ્ગુની મોદીએ કિલનિકલ કન્ડિશનમાં પ્રિકોટ મોડલને કેવી રીતે ગોઠવી શકાય તે અંગે સમજૂતી આપી હતી. આ સેમિનારમાં કેએસવીના રિસર્ચ સેલના ડીન પ્રો. રાજમલ જૈને સંશોધનનું મહત્વ, સેમ્પલીંગ અને સેટીંગ્સ અંગે માહિતી આપી હતી જયારે અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલના મેટ્રોન એલિસ ફર્નાન્ડિઝે કિલનિકલ સવાલોના ઉકેલ શોધવા તરફ માર્ગદર્શન કર્યુ હતું. સેમિનારના અંતિમ ચરણમાં પેનલ ડિસ્કશન યોજવામાં આવ્યું હતું. જેમાં એવિડન્સ બેઝડ સંભાળ દ્વારા નર્સની ભૂમિકામાં આવી રહેલા બદલાવ અંગે ચર્ચા હાથ ધરાઈ હતી. આ સેમિનારમાં ગાંધીનગરની નર્સિંગ કોલેજના એમએસસી ફર્સ્ટ યરના વિદ્યાર્થીઓ દ્વારા 'દર્દીની કાળજી રાખવાના સિધ્ધાંતો' અંગે રોલ પ્લે કરી નિદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સેમિનારમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓ તથા પોસ્ટર કોમ્પિટીશનના વિજેતાઓને પ્રમાણપત્રો એનાયત કરી નવાજવામાં આવ્યા હતા.

## વાતવાતમાં

● શહેરમાં હજુ પણ સવારના ખુશનુમા વાતાવરણમાં સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો યોગ-વ્યાયામ કરતા નજરે પડે છે. મહાત્મા મંદિર નજીકના સ્વર્ણિમ પાર્કની લૉનમાં ચેતક કમાન્ડો પણ યોગ કરતા નજરે ચઢતા મોર્નિંગ વોકર્સ ને ભારે આશ્ચર્ય થયું હતું.

● ગુરૂવારે સાંજે સે-૬ના વૃધ્ધાશ્રમ નજીકના માર્ગ પર એક કારમાં અચાનક ધડાકા સાથે ધુમાડો નીકળવાનું ચાલુ થતા જ તેમાં બેઠેલ પરિવાર ગભરાઈ જવા પામ્યો હતો જો કે તેઓ તુરંત જ કારને હેન્ડબ્રેક લગાડી બહાર આવી ગયા હતા અને કારથી દુર સુરક્ષિત અંતરે ઉભા રહી ગયા હતા.

● સે-૨૯માં કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયમાં ચાલી રહેલા ડૉ. આંબેડકર આધારિત સેમિનારમાં દિલ્હની ચર્ચાસ્પદ જવાહરલાલ નહેરૂ યુનિ.ના પ્રાધ્યાપક પ્રો. વાય.એસ. એલોનનું વકતવ્ય યોજાયું હતું. પ્રો. એલોને જેએનયુમાં દલિત લક્ષી અભ્યાસક્રમ સીસ્ટમ અંગે સંતોષ વ્યકત કર્યો હતો.

● ગાંધીનગરના નિર્માતા-નિર્દેશક જગદીશ સોનીની બહુ ચર્ચિત ફિલ્મ 'ચોરના ભાઈ ઘંટી ચોર' રીલીઝ થવા પામી છે. આ ફિલ્મ એક સાથે રાજયના ૮૫ સ્ક્રીન પર રીલીઝ કરવામાં આવી હતી.

## જુના બીલની પહોંચના આધારે પાણી-ગટર વેરો ભરી શકાશે

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પાટનગર યોજના ભવન દ્વારા બીલનું વિતરણ કરી દેવામાં આવ્યું છે અને વર્ષ ૨૦૧૬-૧૭ના એડવાન્સ વસુલાત માટે ઘરે ઘરે બિલ પહોંચતા કરવામાં આવ્યા છે. આમ છતાં જે પણ જોડાણ કર્તાઓને બિલ ન મળ્યું હોય તેવા કિસ્સામાં જુના બીલની ચૂકવણીની પહોંચના આધારે વેરો સ્વીકારવામાં આવશે તેમ પેટાવિભાગ ૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેરે જણાવ્યું છે. આ વેરો સે-૧૬ સ્થિત પાટનગર યોજના ભવનની કચેરી તેમજ સે-૩ ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે સ્વીકારવામાં આવશે તેમ પણ જણાવવામાં આવ્યું છે.

# મેલુ નાંખી નિવૃત્ત ડ્રાઈવરની લાખ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી

## ઘરે બાંધકામ ચાલુ હોવાથી બેંકમાંથી રૂપિયા ઉપાડીને જતા હતા ત્યારે માણસા ડેપોમાં બનેલી ઘટના : બે શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ

ગાંધીનગર, તા.૧૮

માણસા એસ.ટી. ડેપોમાં આજે બપોરના અરસામાં રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરીનો બનાવ બનવા પામ્યો હતો. એક નિવૃત્ત ડ્રાઈવરે બેંકમાંથી એક લાખ રૂપિયા ઉપાડી બેગમાં મુકયા અને માણસા ડેપોમાં ગયા હતા. ડેપોના શૌચાલયમાં ગયા ત્યારે કોઈએ મેલુ નાંખ્યુ અને તે સાફસફાઈ કરતા હતા ત્યાં સુધીમાં તેમની રૂપિયા ભરેલી બેગ ગઠીયા ઉપાડી ગયા હતા. બે શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામ્યા છે.

એસ.ટી. નિગમમાંથી નિવૃત્ત થઈ ચુકેલા ડ્રાઈવર ચાવડા મુળસિંહ વરસોડા ગામમાં રહે છે. તેમના મકાનમાં બાંધકામનું કામ ચાલુ છે તે માટે રૂપિયાની જરૂર હોવાથી માણસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી એક લાખ રૂપિયા ઉપાડવા આજે ગયા હતા. રૂપિયા ઉપાડીને બગમાં ભરી મુળસિંહ માણસા ડેપોમાં પહોંચ્યા અને શૌચાલયમાં બાથરૂમ કરવા ગયા ત્યારે કોઈ શખ્સે તેમની પર મેલુ નાંખી દેતા તે સાફસફાઈ કરવા ગયા તે દરમિયાન તેમની રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરીને બે શખ્સો રફફુચક્કર થઈ ગયા હતા. મુળસિંહે તાત્કાલીક પોલીસને ફોન કર્યો તો પોલીસે કહ્યું કે ત્યાં જ કયાંક હશે તપાસ કરો મળી જશે...! તપાસ કરવા છતાં બેગ ન મળતા ફરી ફોન કર્યો ત્યારે પોલીસ ઘટનાના એક કલાક બાદ ડેપો પહોંચી હતી. સીસીટીવી કેમેરા ચેક કરતાં બે શખ્સો કેમેરામાં કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે. જો કે મોડી સાંજ સુધી પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.

# વિદ્યાર્થીઓની હોસ્ટેલ માટે જાગૃત નાગરિક પરિષદ રજૂઆત કરશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં અનેક વિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. જેના પરિણામે સેકટરોમાં ગેરકાયદેસર હોસ્ટેલો પણ ધમધમી રહી છે. આ તબક્કે વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની યોગ્ય વ્યવસ્થા થાય તે અનિવાર્ય બન્યું છે. શહેર જાગૃત નાગરિક પરિષદ આ માટે વિશેષ રજુઆત કરશે. શહેર જાગૃત નાગરિક પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પારેખે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પરિષદની બેઠકમાં પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ઘ-૬ થી સે-૨૭માં જતી પાણીની પાઈપલાઈન લીકેજની સમસ્યા સંદર્ભે પણ રજુઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં ન્યુરોલોજીસ્ટ, કાર્ડીયોલોજીસ્ટના અભાવે દર્દીઓએ હાલાકી વેઠવી પડતી હોવાથી આ વ્યવસ્થા કરવા પણ રજૂઆત કરવામાં આવશે. વધુમાં હોસ્પિટલમાં એકસરે અને સોનોગ્રાફીના મશીન પણ ખોટવાઈ જતા તંત્ર સમક્ષ યોગ્ય વ્યવસ્થા માટે રજૂઆત કરાશે.

# સાડીનો પાલવ વ્હીલમાં ફસાઈ જતાં ચાલુ બાઈકે મહિલા પટકાઈ

ગાંધીનગર, તા.૧૮


ગાંધીનગર નજીક ધણપ ગામ પાસેથી એક દંપતી બાઈક પર પસાર થઈ રહ્યું હતું ત્યારે ગઈ સાંજે પાછળ બેઠેલી મહિલાનો સાડીનો પાલવ બાઈકના પાછળના વ્હીલમાં ફસાઈ જતા તે રસ્તા પર પટકાઈ પડી હતી. ગંભીર હાલતમાં તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી જયાં તેણીનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ આરંભી છે.


મળતી માહિતી મુજબ મહેસાણાના કડી તાલુકાના રાજપુર ગામના મુળ વતની અને હાલ ભીમપુરા ખાતે રહેતા શાંતિભાઈ ચતુરભાઈ રાવળ તેમની ૨૭ વર્ષીય પત્નિ સંગીતાબેનને બાઈક પાછળ બેસાડીને ગઈ કાલે સાંજે ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન ધણપ પાસે સંગીતાબેનની સાડીનો પાલવ બાઈકના પાછલના વ્હીલમાં અચાનક ફસાઈ જતા સંગીતાબેન બાઈક પરથી ઉછળીને રસ્તા પર પટાકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતાં. સંગીતોબેનને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે ત્યાં સારવાર દરમિયન તેમણે દમ તોડયો હતો. ચિલોડા પોલીસે ઘટના અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

# હોળી નિમિત્તે રાજસ્થાની મીઠાઈ બજારમાં છલકાઈ

ગાંધીનગર, તા.૧૮

હોળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારોમાં ભારે ચહલ પહલ જોવા મળી રહી છે. હોળી એટલે રંગબેરંગી કલરના તહેવારને ગાંધીનગરાઓ મન ભરીને માણે છે. શહેરમાં વિવિધ સ્થળો પર સમાજ, સંસ્થા ના સભ્યો એકત્ર થઈને આ પર્વની ભારે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરે છે. ત્યારે શહેરના માર્કેટમાં હોળી નિમિતે પરંપરાગત ધાણી, ખજુર, હાયડાની સાથે સાથે રાજસ્થાનની બાલુશાહી, ઘેર જલેબી, માવાગુજીયા સહિતની મીઠાઈઓ બજારમાં આવી ગઈ છે. શહેરના સ્વાદના શોખીનો માટે રૂ.૨૪૦ થી ૬૦૦ સુધીમાં વિવિધ મીઠાઈ ઉપલબ્ધ છે. શહેરના શહેરીજનો માં હોળીમાં પણ મિત્રો,





સગા સ્નેહીજનોને ગીફટ પેકમાં ચીજવસ્તુ આપવાનો મહિમા વધી જવા પામ્યો છે.

હોળી એ રંગોનો તહેવાર છે, આ પર્વની ઉજવણી નાના બાળકથી લઈને અબાલ વૃધ્ધ સૌ કોઈ સાથે મળીને કરે છે. રંગોના આ તહેવારમાં પ્રેમની પણ મીઠાશ જોવા મળે છે. હોળીના પર્વમાં ખજુર અને ધાણીનું અનેરુ મહત્વ જોવા મળે છે જયારે આરોગ્યની દ્રષ્ટિએ પણ આ ચીજો ગુણકારી હોવાથી નાગરીકો વધુ પસંદ કરે છે. ત્યારે હોળીના તહેવારમાં છેલ્લા બે ચાર વર્ષમાં ગાંધીનગરમાં નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરના વેપારી જયમીન સુખડીયા જણાવે છે કે સમગ્ર ભારતમાં હોળીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે પણ ખાસ કરીને રાજસ્થાનમાં હોળીનું વિશેષ મહત્વ રહેલું છે. જયારે ગાંધીનગરમાં તો દરેક પર્વની ઉજવણી ધામધુમથી કરવામાં આવે છે જેમા હોળીમાં પણ છેલ્લા ચાર પાંચ વર્ષથી શહેરમાં રાજસ્થાની મીઠાઈઓનું વેચાણ પખવાડીયા સુધી રહેવા પામે છે. દિવાળીની જેમ હોળીમાં પણ નગરજનો એક બીજાના ઘરે જઈને શુભેચ્છા આપી ગીફટપેકમાં ધાણી, ખજુર, માવા ગુજીયા, અમરતી જલેબી, ઘેવર સહિતની વિવિધ મીઠાઈ આપે છે. શહેરમાં રાજસ્થાની નાગરીકો પહેલા રાજસ્થાની મીઠાઈ ખરીદતા હતા જયારે તેમની સાથે અન્ય રાજયના નાગરીકો તેમજ શહેરીજનો પણ હવે રાજસ્થાની મીઠાઈનો સ્વાદ માણતા થયા છે જેને પગલે હોળી નિમિતે રાજસ્થાની મીઠાઈ બજારમાં ગરમાવો છે. રાજસ્થાની બાલુશાહી-રૂ.૩૬૦, ઘેર જલેબી રૂ.૨૪૦, માવા ગુજીયા રૂ.૪૪૦,માં બજારમાં હાજર સ્ટોકમાં છે. હોળી પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નગરના બજારોમાં નાગરીકો તહેવારને લઈને ખરીદી કરતા નજરે પડે છે.

# સ્વ. નવિનચંદ્ર બારોટની શોકસભા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

બ્રહમભટ્ટ સમાજ ગાંધીનગરના સ્થાપક અને પૂર્વ પ્રમુખ અને પીઢ જ્ઞાતિ સેવક નવિનચંદ્ર મણીલાલ બારોટનું તાજેતરમાં અવસાન થયેલ છે. સદગતની શોકસભા આગામી તા. ૨૧મી માર્ચના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૦૫/૧, સેકટર-૬-બી ખાતે યોજાશે. આ શોકસભામાં સમાજના જ્ઞાતિજનોને હાજર રહેવા પ્રમુખ દિલિપભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. અમથાભાઈ મગનદાસ પટેલ, ઉ.વ. ૮૧
- સ્વ. દિનેશચંદ્ર વનમાળીદાસ જોશી, ઉ.વ. ૮૦